### ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ હસ્તકના રીસોર્ટ અને હોટેલ

*15/3/503 શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા): માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ હસ્તકના દરિયા કિનારે કયા કયા સ્થળે રીસોર્ટ અને હોટેલ આવેલા છે, | (૧) | પોરબંદર, માંડવી, તિથલ અને માધવપુર ખાતેની જમીન પી.પી.પી. ધોરણે આપવામાં આવેલી છે. |
| (૨) | ઉકત રીસોર્ટ/હોટેલ દરિયા કિનારાથી નજીક હોય તો સી.આર.ઝેડ.ની મંજૂરી કયારે લેવાઈ, | (૨) | માધવપુર, તિથલ ખાતેના હોટેલ/રીસોર્ટ પી.પી.પી. પરિયોજના અંતર્ગત ખાનગી સંસ્થા/એજન્સીને ચલાવવા જમીન આપવામાં આવેલ છે; જે અંગેની પરવાનગી લેવાની જવાબદારી સંબંધિત એજન્સીની હોય છે. પોરબંદર અને માંડવી ખાતેના હોટેલ/રીસોર્ટ હજુ શરૂ થયેલ ન હોય; સી.આર.ઝેડ.ની મંજૂરી લેવાની જવાબદારી નક્કી કરાયેલા એજન્સીની હોવાથી તેઓ દ્વારા સી.આર.ઝેડ. માપદંડ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે. |
| (૩) | ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકત રીસોર્ટ/હોટેલ વાર કેટલી રકમનો ખર્ચ થયો, અને | (૩) | સદર મિલકતો પી.પી.પી. ધોરણે આપેલ હોવાથી ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા કોઈ ખર્ચ કરવામાં આવતો નથી. |
| (૪) | ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકત રીસોર્ટ/હોટેલ વાર કેટલી રકમની ભાડાની આવક થઈ? | (૪) | |

| સ્થળ | તા.૧-૮-૨૧ થી તા.૩૧-૭-૨૨ | તા.૧-૮-૨૨ થી તા.૩૧-૭-૨૩ |
|---|---|---|
| તિથલ | રૂ.૪૩,૭૮,૯૭૭/- + ટેકસ | રૂ.૪૩,૭૮,૯૭૭/- + ટેકસ |
| માધવપુર | રૂ.૧,૦૧,૮૩૬/- + ટેકસ | રૂ.૧,૦૬,૯૨૮/- + ટેકસ |

-------